

## વોલિબોલ સ્પર્ધામાં સમર્પણ કોલેજ રનર્સ અપ

ગુજરાત યુનિ. વોલીબોલ સ્પર્ધા બાલાસીનોર કોલેજમાં યોજાઈ હતી. જમાં ગુજરાત યુનિવર્સિટીની ખૂબ જ મોટી સંખ્યામાં કુલ ૨૫ ટીમોએ ભાગ લીધો હતો જેમાં સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સે-૮ની ટીમે પણ ભાગ લીધો હતો. સમગ્ર સ્પર્ધામાં ખુબ જ ઉત્કૃષ્ટ દેખાવ કરી સમર્પણ કોલેજે સમગ્ર દક્ષિણ વિભાગમાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જેમાંથી ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી સિલેકશન ટ્રાયલ માટે સમર્પણ કોલેજના ત્રણ ખેલાડીની પસંદગી થઈ છે. જેમાં કેપ્ટન-મલાવત પરિક્ષિત, ચોધરી જયેશ અને અસારી રોનાલ્ડની પસંદગી થઈ છે. આ સફળતા સાથે ગાંધીનગર અને સમર્પણ કોલેજનું ગૌરવ વધારવા બદલ સમર્પણ કોલેજનાં કેમ્પસ ડાયરેકટર ડૉ. કિશોરસિંહ સોલંકી આચાર્ય ડૉ. રુચાબેન બ્રહ્મભટ્ટ, કોલેજ ડી.પી.ઈ. પ્રા. મહેન્દ્રભાઈ મોડિયા તથા સમગ્ર કોલેજ પરિવારે સતત ઉત્તરોત્તર પ્રગતિ થાય અને આ ખેલાડીઓ સમગ્ર ગુજરાતનું ગૌરવ વધારે તેવી શુભેચ્છા પાઠવી છે.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય જીત કુનેડોમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય સ્થાને



ગાંધીનગર, તા.૨૪

અન્ડર-૧૯ જીત કુનેડો સપર્ધા તાપી જિલ્લામાં વાલોડમાં યોજાઈ હતી. જેમાં શ્રી જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની બહેનોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર નેશનલ કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે. પરમાર નિકિતા, ચૌધરી લક્ષ્મી, ચૌધરી રીપલ, ચૌધરી આરજુએ પ્રથમ નંબર મેળવેલ છે. જે નેશનલ કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે. જયારે દ્વિતીય સ્થાને ચૌદરી નીપા, જોશી મનાલી, ચૌધરી મનીષા અને ચૌધરી માસુમે મેળવેલ છે.

ભાગ લેનાર વિદ્યાર્થીઓને આચાર્યાશ્રી સંતોકબેન ચૌધરી અને વ્યાયામ શિક્ષિકા લીલાબેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યા છે.

## સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગરબા સ્પર્ધા છઠ્ઠીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા પરંપરાગત ફરતા ગરબા સ્પર્ધા વયજૂથ પ્રમાણેનો કાર્યક્રમ તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બરે રવિવારે બપોરે બે વાગે બ્રહ્મભવન ખાતે યોજેલ છે, તો બ્રહ્મ બહેનો તથા બાળકોએ ભાગ લેવા પ્રમુખ પ્રતિભાબેન કે. દવેએ જણાવે છે. આશાબેન ભટ્ટ, સેક્ટર-૨૩, કુ. અંજનાબેન ગોર, સેકટર-૬, જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય, સેક્ટર-૫, નીશાબેન જોશી, સેકટર-૨૯, બ્રહ્મભવન, પ્રવિણાબેન વોરા - સેકટર-૪એ નો સંપર્ક કરવા જમાવેલ છે.




### પૂના ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકો દ્વારા ઝુંડાલમાં 'પાણી બચાવો' રેલી યોજાઈ

ગાંધીનગર તાલુકાના ઝુંડાલ ગામે પૂના ઈન્ટરનેશનલ સ્કૂલ (ઈંગ્લીશ મિડિયમ) દ્વારા પાણી બચાવો-સૃષ્ટિ બચાવો-જીવન બચાવોના સંદેશ સાથે એક રેલીનું આયોજન કરાયું હતું. આ રેલી ઝુંડાલના સ્વામિનારાયણ ગુરુકુળથી આમ જનતાની સામે વિવિધ બેનર સાથે નીકળી હતી. નાના બાળકોને અત્યારથી જ પાણીનું મહત્વ સમજાય અને પાણીનો બગાડ અટકાવાય તે હેતુથી આ રેલી આયોજીત થઈ હતી. જેમાં બાળકોએ ઉત્સારભેર પાણી બચાવવા અંગે વિવિધ સૂત્રો પોકારી સમગ્ર વાતાવરણને ગુંજતુ કરી મુકયું હતું. શાળાના પ્રિન્સીપાલ અંકિત દહિયા અને કર્મચારી ગણે ખુબ જ મહેનત આ રેલીની સફળતા માટે કરી હતી. સંસ્થાના ટ્રસ્ટીગણ સ્વામી પુરુષોત્તમ ચરણદાસ શાસ્ત્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

## ગાંધીનગરમાં વણકર ભવન બનાવવા માટે આંદોલન

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર ખાતે સમાજનું ભવન બનાવવા માટે રાજય સરકાર રાહત દરે જમીન ફાળવે તે માટે ગાંધીનગરમાં વસ્તીના ધોરણે બીજા નંબરે વણકર સમાજ આવે છે તેને વણકર ભવન માટે જમીન ફાળવવામાં આવતી નથી. જેથી વણકર સમાજની લાગણી દુભાઈ છે. વણકર સમાજને રાહતદરે જમીન ફાળવવા ઘણા રાજકીય આગેવાનો-સમાજના આગેવાનો મારફતે પાંચ વર્ષથી પ્રયત્ન કરવામાં આવ્યા છતાં સફળ થયા નથી.

સમાજ માટે જમીન મેળવવાનો કોઈ વિકલપ ન હોઈ તા. ૨૪મી નવેમ્બરથી ગાંધીનગર ખાતે સમગ્ર ગુજરાત રાજયના વણકર સમાજનું 'ઉપવાસ આંદોલન' શરુ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ઉપવાસ આંદોલનમાં વણકર સમાજના સ્થાનિક રહીશો દરેક જિલ્લાના વ્યકિતઓ જોડાશે.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, શ્રીમતી આનંદીબેન પટેલ, શ્રી રમણલાલ વોરાને આવેદનપત્રો પાઠવેલ છે. છતાં ઉકેલ મળેલ નથી. હવે ઉપવાસ આંદોલન સાથે મહારેલીનું આયોજન કરવામાં આવશે તેમજ ઉગ્ર કાર્યક્રમો આપવામાં આવશે તેમ ગાંધીનગર વણકર સમાજના પ્રવકતા શ્રી મુળજીભાઈ પરમાર 'દધિ' અને પ્રમુખશ્રી પી.જે. પરમારે જણાવેલ છે.

## શ્રાધ્ધ પક્ષમાં દુધપાક, ખીર પુરી અને લાડુનું શહેરમાં ચાલી રહેલું જમણ

### શ્રાધ્ધ પક્ષમાં કાગવાસ ઉપરાંત બ્રહ્મભોજન અને દાનનું ઘણું મહત્વ છે, શ્રાધ્ધ તર્પણ પણ થાય છે

ગાંધીનગર, તા.૨૪

હિન્દુ ધર્મમાં જણાવ્યા અનુસાર ભાદરવા વદ એકમથી ભાદરવા વદ અમાસ શ્રાધ્ધ પક્ષ ગણાય છે. જેમાં પિતૃઓનું શ્રાધ્ધ વિધિ વિધાન મુજબ કે તર્પણ કરીને કરવામાં આવે છે. આ શ્રાધ્ધ દરમિયાન પરિવારજનો ઘરે દુધપાક, ખીર પુરી અને લાડુ જેવી વાનગીઓ બનાવી કાગવાસ નાખે છે તેમજ બ્રહ્મભોજન કરાવી ઘરના તમામ સભ્યો પણ જમણ કરે છે જેથી પિતૃઓના આત્માને તૃપ્તિ મળે અને સારા આર્શીવાદ સાથે સુખી રાખે છે. આમ શ્રાધ્ધ પક્ષમાં ગાંધીનગર શહેરના રહીશોના ત્યાં હાલ દુધ-પાક, ખીર પુરી અને લાડુના જમણ થઈ રહ્યા છે.

શ્રાધ્ધ કર્મથી પિતૃઓનો આત્મા તૃપ્ત થતો હોય છે જેથી વંશ પરંપરાગત મુજબ કે શાસ્રોકત અને વિદ્યમાન બ્રાહ્મણના જણાવ્યા મુજબ શ્રાધ્ધ કર્મ કરવું જોઈએ. યોગ્ય રીતે થયેલા શ્રાધ્ધ કર્મથી પિતૃઓ મોક્ષને પામે છે અને તેમના વંશજોને સપરિવાર સુખ-સમૃધ્ધિ, સ્વાસ્થ્ય અને વંશવેલો અખંડ રહે તેવા આર્શીવાદ આપે છે. આમ સમગ્ર શહેર હાલમાં આ વાનગીઓની મહેંકથી મહાલી રહ્યું છે.

શ્રાધ્ધ કર્મ મુજબ પૂર્વજના મૃત્યુ પછીના એક વર્ષ બાદ આવતા શ્રાધ્ધમાં તેમને સામેલ કરી સહ પરિવાર ધન, બ્રહ્મભોજન કરાવી પોતે ભોજન કરે છે. જયારે કેટલાક લોકો તીર્થ સ્થાનો ઉપર જઈને પણ શ્રાધ્ધ-તર્પણ કરતા હોય છે. ઘરમાં કરવામાં આવેલ શ્રાધ્ધમાં સૌ પ્રથમ કાગવાસ કરવામાં આવે છે બાદમાં ગામ કુતરાને ભોજન અપાય છે અને બ્રહ્મભોજન કરાયા બાદ પરિવાર જમણ કરે છે. આમ શ્રાદ્ધ પક્ષમાં ૧૫ દિવસ સુધી શહેરના લોકો પિતૃઓના મોક્ષની પ્રાર્થના કરે છે.

### એસ.ટી. બસમાં બહેન-દિકરીઓની હાજરીમાં

## ગાળો બોલવાની ના પાડતા કોલેજીયનો ગુંડાગીરી પર ઉતરી આવ્યા...!

### ગાંધીનગર ડેપોમાં ઉતરીને ચાર કોલેજીયન શખ્સો સાયકલની ચેઈન અને પટ્ટાથી તુટી પડયા : બે યુવાનો લોહી લુહાણ : ચારેય સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૪

ચાલુ એસ.ટી. બસમાં સભ્યતા ભુલીને મોટે મોટેથી ગાળાગાળી કરી રહેલા કોલેજીયન શખ્સોને એક યુવાને ગાળો બોલવાની ના પાડતા ગાંધીનગર ડેપોમાં ઉતર્યા બાદ ચાર શખ્સો તે યુવાન પર તુટી પડયા હતાં. સાયકલની ચેઈન અને પટ્ટા વડે તે યુવાન સહિત બે જણાને માર મારતા લોહીલુહાણ હાલતમાં બંનેને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘાયલ યુવાનની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુંડાગીરી પર ઉતરી આવેલા ચારેય શખ્સો વિરુધ્ધ ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

મળતા વિગતો મુજબ ગાંધીનગર શહેરની એક કોલેજમાં વાસણીયા મહાદેવ વિસ્તારના વિદ્યાર્થીઓ પરીક્ષા શરુ થઈ હોવાથી પેપર આપવા એસ.ટી. બસમાં બેસીને જઈ રહ્યા હતા આ કોલેજીયન વિદ્યાર્થીઓ એસ.ટી. બસમાં બેઠા હોય તેવું ભાન બુલી બેઠા હોય તેમ ચાલુ બસે જ મોટે મોટેથી અંદરોઅંદર ગાળાગાળી કરી રહ્યા હતાં. બસમાં બહેન દિકરીઓ બેઠી હોવાથી કલોલ તાલુકાના લીંબોદરા ગામના યુવાન મુસાફર ધર્મરાજસિંહ વાઘેલાએ આ કોલેજીયનોને ગાળાગાળી કરવાની ના પાડતા બસમાં જ આ શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા. ગાંધીનગર ડેપોએ બસ ઉભી રહેવાની સાથે જ ચારેય શખ્સો ધર્મરાજસિંહ સહિત બે યુવાનો પર ત્રાટકયા હતા અને કમર પટ્ટા તથા સાયકલની ચેઈન દ્વારા માર મારીને બંનેને ઘાયલ કરી ચારેય ભાગી ગયા હતાં. ખાનગી હોસ્પિટલમાં દાખલ બંને યુવાનો પૈકી ધર્મરાજસિંહ ની ફરિયાદને આધારે સે-૭ પોલીસે વાસણિયા મહાદેવના જયપાલ વાઘેલા, પ્રવિણ ઠાકોર, મહેન્દ્ર વાઘેલા અને કનક ચાવડા મળીને ચારેય સામે ગુનો દાખલ કરીને તપાસ આરંભી છે. પી.એસ.આઈ. જી.કે. પરમાર આ ગુનાની તપાસ ચલાવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે કોલેજમાં આ સમાચાર મળતાં જ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી કોલેજ સંચાલકો દ્વારા પોલીસ બંદોબસ્તની માંગણી કરીને પોઈન્ટ ગોઠવી દેવામાં આવ્યો હતો.

## લીંબડીયા કેનાલમાં કુદેલા યુવાનનો મૃતદેહ છેક જાસપુરથી મળ્યો

ગાંધીનગર, તા. ૨૪

બે દિવસ અગાઉ લીંબડીયા કેનાલની જાળી ઉપર ચઢી જઈને એક યુવાને કેનાલના પાણીમાં મોતની છલાંગ મારી દીધી હતી. બે દિવસથી તેના મૃતદેહની શોધખોળ ચાલી રહી હતી ત્યારે આજે સવારના અરસામાં લીંબડીયા કેનાલમાં કુદેલા યુવાનનો મૃતદેહ તણાતો તણાતો છેક જાસપુર નર્મદા કેનાલમાંથી મળી આવ્યો હતો.

અમદાવાદની રિક્ષા લઈને એક યુવાન બે દિવસ અગાઉ સમી સાંજના અરસામાં લીંબડીયા કેનાલ પાસે પહોંચ્યો હતો. પુલની વચ્ચોવચ્ચ રિક્ષા ઉભા કરી દઈને દોડીને આ યુવાન કેનાલની જાળી પર ચઢી જઈ પાણીમાં કુદી ગયો હતો. અમદાવાદની ફાયરબ્રિગેડની ટીમ તથા પોલીસ અને સિક્યુરીટી ગાર્ડ કેનાલમાં તેનો મૃતદેહ બે દિવસથી શોધી રહ્યા હતા. ત્યારે આજે કલોલ તાલુકાની હદમાંઆવતી જાસપુર નર્મદા કેનાલમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. લીંબડીયાથી તણાતો તણાતો મૃતદેહ છેક જાસપુર કેનાલ પહોંચી ગયોહતો. યુવાનનો મૃતદેહ બહાર કાઢી પરિવારજનોને સોંપી દેવામાં આવ્યો હતો.

## ગર્ભાશયનું ઓપરેશન કરાવ્યા બાદ નરોડાની મહિલાનું મૃત્યુ

### પેનલ ડૉક્ટર સાથે પોસ્ટમોર્ટમ કરાવ્યું : ઈસનપુર મોટા સાર્વજનિક હોસ્પિટલમાં ઓપરેશન કરાવ્યા બાદ તબીયત લથડતા મહિલાને અમદાવાદ ખસેડાઈ હતી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીકના ઈસનપુર મોટા ગામમાં સ્થિત સાર્વજનિક હોસ્પિટલમાં નરોડાની એક મહિલાએ ગર્ભાશયનું ઓપરેશન કરાવ્યા બાદ તેણીની તબીયત લથડતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં તેણીનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું છે. આ પ્રકરણમાં ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મહિલાના મૃતદેહનું પેનલ ડૉક્ટરથી પી.એમ. કરાવી મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પ્રયત્નો શરૂ કર્યા છે.

નરોડા ખાતે રહેતા ૩૯ વર્ષિય ઉષાબેન કમલેશભાઈ પટેલે થોડા દિવસો અગાઉ ઈસનપુર મોટા ગામમાં સ્થિત સાર્વજનિક હોસ્પિટલમાં ગર્ભાશયનું ઓપરેશન કરાવ્યું હતું. ત્યારબાદ તેમની તબીયત ખુબ જ ગંભીર થઈ જતાં લથડી ગયેલી હાલતમાં તાત્કાલિક અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં આ મહિલાનું મૃત્યુ નિપજ્યું હતું. ચિલોડા પોલીસે મહિલાના મૃત્યુનું કારણ બહાર લાવવા પેનલ ડોક્ટર વડે પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફાર્માસીસ્ટ દિવસની શુભેચ્છા પાઠવી

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત રાજ્ય ફાર્માસીસ્ટ મંડળ, ગાંધીનગર દ્વારા રાજ્યમાં ફાર્મસી સાથે સંકળાયેલા વેપારીઓ, કર્મચારીઓને તથા રાજયના નાગરીકોને તા. ૨૫મી સપ્ટેમ્બર ફાર્માસીસ્ટ દિવસની શુભેચ્છાઓ મંડળના પ્રમુખ, મંત્રી અને કારોબારી સભ્યો દ્વારા પાઠવવામાં આવી છે.

## લેઉઆ પાટીદાર સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર તાલુકામાં આવેલા લિંબડીયા ગામ સ્થિત ચૌદ ગામ લેઉવા પાટીદાર સમાજ દ્વારા તા. ૨૯મી સપ્ટેમ્બર રવિવારના રોજ મળનારી સામાન્ય સભામાં સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવનાર છે.

વર્ષ-૨૦૧૩-૧૩ની વાર્ષિક સામાન્ય સભા બહુચર ફાર્મ વલાદ ખાતે બપોરે બે વાગે મળનાર છે. આ સભામાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ચંદ્રક એનાયત કરવામાં આવશે. આથી સમાજના હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા આજીવન સભાસદોને સમયસર હાજર રહેવા તાકીદ કરાઈ છે.

## ગાંધીનગર ખાતે જૈવિક સંસાધનોના મૂલ્ય નિર્ધારણ વિષયક બે દિવસીય કાર્યશાળા આરંભાઈ

ગાંધીનગર, તા. ૨૪

**ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ દ્વારા જૈવિક સંસાધનોના મૂલ્ય નિર્ધારણ માટેની -ક્રિયાનો અમલ**




**કરવા માટેની બે દિવસીય કાર્યશાળા આજથી ગાંધીનગર ખાતે શરૂ થઇ છે.આ કાર્યશાળાને વન અને પર્યાવરણ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી. આ -સંગે વન અને પર્યાવરણ મંત્રી શ્રી ગોવિંદભાઇ પટેલ ઉપસથિત રહયાં હતા.**

**આ -સંગે વન અને પર્યાવરણ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, ઘટતી જતી જૈવિક વિવિધતાની જાળવણીના ઉમદા આશયથી વર્ષ-૧૯૯૨માં વિશ્વના અનેક દેશોની બેઠક બ્રાઝિલ ખાતે મળી હતી. જેમાં કન્વેન્શન ઓન બાયોડાયવર્સિટી કરાર કરવામાં આવ્યો હતો. ભારત દેશ વર્ષ-૧૯૯૪માં આ કન્વેન્શનમાં જોડાયું હતું. આ કન્વેન્શનનો મુખ્ય ઉદ્દેશ જૈવિક વિવિધતાની જાળવણી કરવી, જૈવિક વિવિધતાના ઘટકોનો સાતત્યપુર્ણ ઉપયોગ કરવો અને જૈવિક વિવિધતાનાં ઉપયોગોથી મળતા લાભોની ન્યાયપુર્ણ અને સ-માણ વહેંચણી કરવાનો છે. આપણા દેશમાં બાયોલોજીકલ ડાયવર્સિટી એકટ - ૨૦૦૨ અને બાયોલોજીકલ ડાયવર્સિટી રૂલ્સ, ૨૦૦૪ની રચના કરવામાં આવી છે.**

**ગુજરાત રાજય પણ જૈવિક વિવિધતા ક્ષેત્રે સમૃધ્ધ રાજય છે. રાજયમાં વર્ષ- ૨૦૦૬માં ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૦માં ગુજરાત જૈવિક વિવિધતાના નિયમો પસાર કરવામાં આવ્યા હતા. હાલમાં આ બોર્ડ દ્વારા ૨૪ જિલ્લાઓમાં ૨૦૦૦ જેટલી જૈવિક વિવિધતા વ્યવસ્થાપન સમિતિઓ (બી.એમ.સી) મારફ્તે અધિનિયમ અને નિયમોનો અમલ કરવામાં આવી રહ્યો છે.રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ જૈવિક વિવિધતાના સંરક્ષણ અને વિકાસ માટે રાજયમાં સાંસ્કૃતિક વનોની સ્થાપના વર્ષ- ૨૦૦૪થી શરૂ કરવામાં આવી હતી. જે અંતર્ગત આજે રાજયમાં ૧૦ જેટલા આવા વનોની સ્થાપના થઇ ચુકી છે. જે લોકોના આકર્ષણના કેન્દ્ર બન્યા છે.**

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૮
સૂર્યાસ્ત : ૬.૪૪

## તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

**સવારે ૯૬ ટકા ● સાંજે ૧૦૦ ટકા**
**છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસાદ : ૧૦ મી.મી.**
**મોસમનો કુલ વરસાદ : ૮૮૯ મી.મી.**

## મનોરંજન

### સિને મેક્સ

**: સ્ક્રીન-૧ :**
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
**: સ્ક્રીન-૨ :**
ધ લન્ચ બૉક્ષ : ૯.૪૫, ૩.૧૦, ૫.૩૫, ૧૦.૪૫
ગ્રાન્ડ મસ્તી : ૧૨.૧૦
શુદ્ધ દેશી રૉમાન્સ : ૮.૦૦
**: સ્ક્રીન-૩ :**
ફટા પૉસ્ટર નીકલા હીરો: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
**: સ્ક્રીન-૪ :**
ગ્રાન્ડ મસ્તી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સીટી પ્લસ

**: સ્ક્રીન-૧ :**
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
**: સ્ક્રીન-૨ :**
ગ્રાન્ડ મસ્તી : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**: સ્ક્રીન-૩ :**
૨ ગન્સ(અંગ્રેજી) : ૪.૩૦, ૭.૧૫, ૯.૪૫
**: સ્ક્રીન-૪ :**
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૦.૦૦
લન્ચબૉક્ષ : ૧.૦૦, ૩.૧૫, ૮.૦૦, ૧૦.૧૫
શુદ્ધ દેશી રોમાન્સ : ૫.૩૦

### સૂર્યા, વાવોલ

ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
**: સ્ક્રીન-૨ :**
ગ્રાન્ડ મસ્તી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
**: સ્ક્રીન-૩ :**
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૧.૦૦, ૫.૦૦, ૧૧.૦૦
ગ્રાન્ડ મસ્તી : ૨.૦૦, ૮.૦૦

### ચિરાગ, કલોલ

મા-બાપના આશીર્વાદ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યોનો યોગ. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે.

**વૃષભ** : આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રાનો યોગ. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

**કર્ક** : મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

**સિંહ** : લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. વિવાદોથી બચવું. લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડી શકે છે. કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડશે. કૌટુંબિક જીવન પણ સુખદ નહીં રહે. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે. વાદ-વિવાદથી દૂર રહેવું.

**ધન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળી રહેશે. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : વ્યાપાર વિસ્તૃત થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

**મીન** : મહત્વકાંક્ષાઓ પ્રગતિ પ્રેરક કરશે. નિષ્ઠાથી કાર્ય કરતા રહેવું. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.

## ચિરવિદાય

- સ્વ. સુભદ્રાબેન અંબાલાલ ગુર્જર (ઉ.વ.૫૭) પ્લોટ નં.૬૨૩, પીળો પટ્ટો, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. રામશા રામકોમલ ત્રિપાઠી (ઉ.વ.૬૮) પ્લોટ નં.૧૫૫૬/૨, સેકટર-૩ડી, ગાંધીનગર.
- સ્વ. રાજેશભાઈ ગણેશભાઈ પટેલ (ઉ.વ.૪૫) પ્લોટ નં. ૨૫૧/૨, સેક્ટર-૨૮, ગાંધીનગર